


# એટર્નીની મજબૂત શક્તિ

*એટર્ની થવાનો મતલબ શું?*

જીવન ક્ષણભંગુર હોઈ શકે છે – જો તેઓ પોતાના માટે નિર્ણય ન લઈ શકતા હોય, તો એક એટર્ની તરીકે તમારી ઉપર કોઈના ભવિષ્યને રક્ષણ આપવા વિશ્વાસ મૂકાય છે.

# જો કોઈ તમને એટર્નીની મજબૂત શક્તિ આપે તો તેનો મતલબ શો થાય?

*એટર્નીની મજબૂત શક્તિ (EPA)એ એક કાનૂની દસ્તાવેજ છે જે કોઈ વ્યક્તિને (જે 'એટર્ની' તરીકે ઓળખાય છે) કોઈ અન્ય વ્યક્તિ માટે નિર્ણય લેવાની સત્તા આપે છે જેઓ પોતાની જાતે નિર્ણય લઈ શકતા નથી.*

એટર્ની હોવું એ એક મજબૂત અને મૂલ્યવાન ભૂમિકા છે, જેનો મતલબ એ થાય છે કે તમે કોઈની તેમના ભવિષ્યની જિંદગીના ઈચ્છાઓ, અને/અથવા તેમની નાણાકીય બાબતો અને મૂલ્યવાન ચીજવસ્તુઓ, જેવી કે તેમના નાણાં, મકાન તથા અન્ય સંપત્તિને રક્ષવા માટે વિશ્વાસુ છો.

એક EPA 'દાતા' તરીકે ઓળખાતી વ્યક્તિ સમક્ષ સ્થાપવા જોઈએ – જેને જરૂર હોય, અને તેઓ હજી પણ તેમના પોતાના નિર્ણય લેવાની માનસિક ક્ષમતા હોય. દાતાના શ્રેષ્ઠ હિતમાં કામ કરવું એ એટર્નીની ભૂમિકાનું સૌથી અગત્યનું પાસું છે.

બે પ્રકારના EPA હોય છે અને તમે એક અથવા બંને પ્રકારે એટર્ની બની શકો છો:

- **સંપત્તિ** – એક દાતા પાસે આ માટે સંખ્યાબંધ એટર્ની હોઈ શકે છે, જેઓ વ્યક્તિ અથવા ટ્રસ્ટી કોર્પોરેશન (જાહેર ટ્રસ્ટ જેવા) હોઈ શકે છે, અને ડોનર માનસિક ક્ષમતા ગુમાવે તે પહેલાં તેમને સક્રિય બનાવી શકાય છે.
- **વ્યક્તિગત કાળજી અને કલ્યાણ** – માત્ર એક જ એટર્ની આ પ્રકારના EPA ધરાવી શકે છે, અને તે એક ટ્રસ્ટી કોર્પોરેશન હોઈ શકતી નથી. જો કોઈ તબીબી વ્યાવસાયિક દ્વારા દાતાને માનસિક રીતે અસક્ષમ હોવાની આકરણી કરવામાં આવે છે ત્યારે જ આ સક્રિય થઈ શકે છે.

દાતા EPA માં અન્ય વ્યક્તિના નામ પણ આપી શકે છે જેની સાથે તમે કોઈ પણ નિર્ણય લો તો તેના વિષે વાતચીત કરવી જરૂરી બને છે.

## મારે શું કરવાનું રહેશે?

જ્યારે એક EPAને એક્ટિવેટ કરાય, ત્યારે તમારી પાસે દાતા વતી નિર્ણયો લેવાની સત્તા આવે છે. તમારે શું કરવાનું રહે છે તેનો આધાર EPAના પ્રકાર અને દાતા તમારી પાસે કેટલું કરાવવા માગે છે તેની પર આધાર રાખે છે.

એક **સંપત્તિ** EPA માટે તમને જરૂર છે:

- બિલો ચૂકવવા અને બેંક ખાતાની કાળજી રાખવી, શેર અને સંપત્તિને જાળવવી અથવા વેચવી, અને EPAમાં ઉલ્લેખ કરાયો હોય તેવી તમામ જવાબદારીઓનું પાલન કરવું.

**વ્યક્તિગત કાળજી અને કલ્યાણ માટે** EPAતરીકે તમારા માટે જરૂરી છે:

- તબીબી કાળજી, આવાસ, અને સામાન્ય સુખાકારી જેવા મુદ્દાઓ અંગે નિર્ણય લેવા. તમે લગ્ન, છુટાછેડા કે દત્તક લેવા અંગેના નિર્ણયો લઈ શકતા નથી અથવા જીવન-બચાવનારી તબીબી સારવારનો ઈન્કાર કરી શકતા નથી.

તમે જો એક સંપત્તિ એટર્ની હોવ તો તમારે દાતા અને EPAમાં ઉલ્લેખ કરાયેલી અન્ય વ્યક્તિ સાથે સારા નાણાકીય રેકર્ડ જાળવવા પરામર્શ કરવો પડે. દાતાને શક્ય હોય તેટલા નિર્ણયોમાં મદદરૂપ થવા સહભાગી બનવું પણ તેટલું જ જરૂરી છે.

જો અન્ય એટર્નીઓ પણ હોય તો તમારે તેમની સાથે પણ કામ કરવાનું અને એકબીજા સાથે નિયમિત પરામર્શ કરવાનો રહે છે જેથી કોઈ પણ સંદેશાવ્યવહાર પડી ભાંગવાને કારણે દાતાના હિતોને અસર નહીં થવાનું સુનિશ્ચિત કરી શકાય છે.

## EPAક્યારે અસરમાં આવે છે?

એક EPA ત્યારે જ અસરમાં આવે છે જો એક તબીબી વ્યાવસાયિક અથવા ફેમિલી કોર્ટ એ નિર્ણય લે છે કે દાતા માનસિક રીતે અસક્ષમ છે. જો કે, સંપત્તિ માટે, એક EPA એવા સમયે અસરમાં આવે છે જ્યારે દાતા માનસિક સ્વસ્થ છે અને દાતા ક્ષમતા ગુમાવે ત્યારે તે જાળવી રાખે છે.

## શું કોઈ ચકાસશે જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે હું યોગ્ય કામ કરી રહ્યો છું?

શક્ય હોય તેટલા વધુને વધુ દાતા અને EPAમાં નામોલ્લેખ કરાયેલા અન્ય તમામ સાથે પરામર્શ કરવો એ તમારી કાનૂની ફરજ છે. દાતાએ નામોલ્લેખ કરેલી વ્યક્તિઓને તમારા પગલાં વિષે માહિતી પૂરી પાડવાની પણ તમને જરૂર રહે છે, જેથી તેઓ તમારા નિર્ણયો પર નિરીક્ષણ રાખી શકે.

જો કોર્ટમાં એક અરજી કરવામાં આવે તો કૌટુંબિક કોર્ટ તમારી કામગીરીની સમીક્ષા કરી શકે છે અને EPAની શરતો બદલી શકે છે.

## EPAનો અંત ક્યારે આવે છે?

જો દાતા હજુ પણ માનસિક રીતે સક્ષમ હોય તો દાતા EPAને બદલી શકે છે,અંત આણી શકે છે અથવા એક નવી EPA બનાવી શકે છે. તદ્દુપરાંત, જો તમે મૃત્યુ પામો, નાદાર જાહેર થાવ, જો વ્યક્તિગત અથવા સંપત્તિ અદાલતના આદેશને આધીન આધિન હોવ, અથવા કૌટુંબિક કોર્ટ તમારી નિમણૂંકને રદબાતલ ઠેરવે તો તમે એટર્ની તરીકે તમારી ભૂમિકા ગુમાવી શકો છો. જો દાતા મૃત્યુ પામે તો પણ તમે એટર્ની તરીકે તમારી ભૂમિકા ગુમાવશો. જો તમે હવે આગળ એટર્ની તરીકે કામ કરવા માગતા ન હોવ, તો જો દાતા હજી પણ માનસિક રીતે સક્ષમ હોય તો તેમને આ વિષે લેખિતમાં જાણ કરી શકો છો, અથવા જો દાતાએ ક્ષમતા ગુમાવી દીધી હોય તો કૌટુંબિક કોર્ટમાં જઈ શકો છો.

## હું ક્યાંથી મદદ મેળવી શકું છું?

એવો પણ સમય આવી શકે છે કે તમને સહાય કે સલાહની જરૂર પડી શકે છે. વધુ માહિતી માટે www.msd.govt.nz/epa પર જઈ શકો છો, અથવા કોમ્યુનિટી લો સેન્ટરની મુલાકાત લઈ શકો છો. જો તમને EPAની સૂચનાઓનું અનુસરણ કરવામાં તકલીફ પડતી હોય તો તમે કૌટુંબિક કોર્ટને નિર્દેશો માટે પૂછી શકો છો.

## શું મને પણ EPAની જરૂર છે?

હા. આ તમારા ભવિષ્યના રક્ષણ વિશે છે, અને કમનસીબે, તમે એ નથી જાણતા કે તમને તેનો ઉપયોગ કરવાની ક્યારે જરૂર પડશે. જો તમારી પાસે એક નથી, તો હવે સમય આવી ગયો છે કે તમે કોઈ એકની પસંદગી કરી લો જે તમારા વતી નિર્ણયો એવા સમયે લે કે જ્યારે તમે આમ નથી કરી શકતા.

## વધારે માહિતી હું ક્યાં મેળવી શકું છું?

વધુ માહિતી, સલાહ અને EPA સંસાધનો માટે સામાજિક વિકાસ મંત્રાલયની વેબસાઈટ www.msd.govt.nz/epa પર મેળવી શકાય છે અથવા તો તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈસ બ્યૂરો, પબ્લિક લાયબ્રેરી, કોમ્યુનિટી લો સેન્ટર, અથવા એજ કન્સર્નની મુલાકાત લેવી અથવા તમારા કાનૂની વ્યાવસાયિકનો સંપર્ક કરવો.

માહિતી 0800 273 674 પર ફોન કરીને પણ મેળવી શકાય છે.

Protect your Future
msd.govt.nz/epa

New Zealand Government

OFFICE FOR SENIOR CITIZENS
TE TARI KAUMĀTUA
*Administered by the Ministry of Social Development*

Gujarati